Extra No. 208

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, JULY 31, 2026 / SRAVANA 09, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ

નં.એમએજી/વશી/૮૪૬/૨૦૨૬.-સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૧૯/૦૫/૨૦૨૬થી તાજેતરમાં રાજ્યના જુદા જુદા જિલ્લાઓમા આવેલ વિવિધ જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયો વગેરે)માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની અતિ ગંભીર ઘટનાઓ ધ્યાને આવેલ છે. આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બનવા પામે તે માટે અત્રેના અરવલ્લી જિલ્લાના ક્ષેત્રાધિકારમાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા જોખમી/ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા તથા ઉક્ત હુકમોનો ચુસ્ત પણે અમલ થાય તે માટે સંબધિત પોલીસ ઓથોરીટીને જરૂરી સુચના આપવા અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

રાજ્યમાં હાલમાં વર્ષાઋતુની શરૂઆત થયેલ છે. આગામી સમયમાં ભારે વરસાદના કારણે જિલ્લામાં આવેલ કોતરો, તળાવ, સરોવર, નહેર, ચેકડેમ અને નદી-નાળામાં ઘણા મોટા પ્રમાણમાં વરસાદી પાણી આવવાની શક્યતા રહેલ છે. ચોમાસાની ઋતુમાં નદી-નાળામાં પુર આવતા મોટા પ્રમાણમાં લોકો નદી-નાળાં, કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ સેલ્ફી લેવી વગેરે પ્રવૃતિ કરતા હોય છે તથા નદીના પાણીમાં ન્હાવા કે તરવા ઉતરતા હોય છે જેના કારણે અકસ્માત બનાવ બનવાની પુરેપુરી સંભાવના રહેલ છે. વધુમાં, ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઝ-વે, નદી, નાળા વગેરે ક્રોસ કરતા લોકોના તણાઈ જવાની ઘટનાઓ બનવા પામેલ છે. ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈ જિલ્લામાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી, હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાઉ છું,

1. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં, કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર ન થવું.

2. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં, કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર મોબાઈલ ફોન/કેમેરાથી સેલ્ફી લેવાનું ટાળવું.

3. ચોમાસાની ઋતુ દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમમાં ન્હાવા તથા તરવા પડવાનું ટાળવું.

4. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન પશુધન સાથે નદી-નાળાં, કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર થવાનું ટાળવું તથા પશુધન નીચાણવાળા વિસ્તારમાં ચરાવવા નહી.

5. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તથા સિંચાઈ દ્વારા સરોવર-તળાવ, નદી-નાળા, પુલ, કોઝ-વે ઉપર ભયજનક સુચના દર્શાવતા બોર્ડ પ્રદર્શિત કરવાના રહેશે જ્યાં પાણીની સપાટી ભયજનકની નિશાનથી વધુ પાણી હોય ત્યાં લોકો પસાર ન થાય તે માટે સ્થાનિક તંત્રને એલર્ટ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવો.તેમજ ડેમમાંથી પાણી છોડવામાં આવે અથવા ભારે પુરની પરિસ્થિતિમાં નદીકાંઠા વિસ્તારના ગામલોકોએ સંબંધિત તંત્ર તરફથી મળતી સુચનાઓનું પાલન કરવું.

6. ભારે વરસાદના સમય દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમ તથા પિકનીક સ્પોટજેવા સ્થળોએ પોલીસ વિભાગ દ્વારા અવાર-નવાર પેટ્રોલિંગ કરવાનું રહેશે.

7. ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે વરસાદના કારણે કોઈ નદી, પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય તો સ્થાનિક તંત્ર અથવા જિલ્લા કે તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમને તાત્કાલિક સૂચિત કરવું.

8. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના સમયે નદી, પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય ત્યારે લોકો તેના ઉપરથી પસાર ન થાય તે માટે સબંધિત તંત્રએ એલર્ટ કરી જરૂરી તકેદારીના પગલાં લેવા તથા કોઈ અકસ્માત ન બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

9. વાવાઝોડું કે ભારે વરસાદ ચાલુ હોય તેવા કટોકટીના સમયે પશુધનને સુરક્ષિત રાખવા ખીલે,વીજળીના થાંભલા પાસે કે તેની સાથે,મોટા ઝાડ, નબળા છાપરા કે કાચી દિવાલ નજીક રાખવા કે બાંધી ન રાખવા તથા ઘેટા,બકરા અને મરઘાં જેવા નાના પશુ-પક્ષીઓ ગૂંગળાઈ ન જાય તેની ખાસ તકેદારી રાખવી.

10. આગાહી તેમજ આપત્તિ ચેતવણી અંગે ખોટા ભયજનક સમાચારો/અફવાઓ પ્રસારિત ન કરવી.

//અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી ૬૦ (સાઠ દિવસ) સુધી અમલમાં રહેશે.

//અમલવારીનો વિસ્તાર //

અરવલ્લી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળ આવેલ અરવલ્લી જિલ્લાનો સમગ્ર વિસ્તાર

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ, મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તેમજ સબંધિત સિંચાઈ યોજનાના ફરજ પરના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ ૫૫, ૫૬ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

મિલિન્દ બાપના (આઈ.એ.એસ),
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 17:31:03 IST